# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

R.C.C.I. Since 1954



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા બિપોરજોય વાવાઝોડાના કારણે વેપાર-ઉદ્યોગકારોને તા.૧૪ અને ૧૫ જૂન ૨૦૨૩ બે દિવસ સ્વૈચ્છીક બંધ રાખવા અપીલ...

અરબી સમુદ્રમાં ઉદભવેલ બિપોરજોય વાવાઝોડું દિશા બદલીને ગુજરાત તરફ આક્રમક ગતીએ આગળ વધી રહયું છે. આ કુદરતી આફત સમયે જનજીવન ઉપર કોઈપણ જાતની મુશ્કેલી ઉભી ન થાય અને આપણે સૌ સલામત રહીએ તેવી ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ છીએ...

બિપોરજોય વાવાઝોડાના કારણે ભારે પવન સાથે વરસાદની પણ આગાહી કરવામાં આવેલ છે. ત્યારે તેના તકેદારીના ભાગરૂપે આપણે આપણી ફેક્ટરી, દુકાન કે રહેણાંકમાં સાવચેતી રાખવી ખુબ જ જરૂરી છે. આ કુદરતી આફતને ધ્યાનમાં રાખી જીલ્લા કલેકટરશ્રીના આદેશ અનુસાર આગામી બે દિવસ માટે શાળા-કોલેજોમાં પણ રજા જાહેર કરવામાં આવેલ છે. તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા વેપાર-ઉદ્યોગકારોને **તા.૧૪ અને ૧૫ જુન ૨૦૨૩** બે દિવસ સ્વૈચ્છીક બંધ રાખવા અને સાથ સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવે છે. તેમજ કોઈપણ આકસ્મિક ઘટના બને તો કન્ટ્રોલ **રૂમનં,૦૨૮૧-૨૪૭૧૫૭૩** ઉપર સંપર્ક કરવો. તેમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.